ગરીબી, ખાનદાનીને દબાવી શકતી નથી
- કાકા કાલેલકર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૮૬ | ૫ જૂન ૨૦૧૨, મંગળવાર, જ્યેષ્ઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

મિલકત વેરાની આકારણી અંગે ૧૭૦૦ વાંધા રજૂ

૧૦મી જૂન પછી સુનાવણી હાથ ધરાય તેવા સંકેતો, ગ્રામ્ય વિસ્તારમાં આકારણી અંગે રિસર્વે કરવા માગ કરતા કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ બિહોલા, ઈમ્પેક્ટ ફી ની રાહતોના પગલે વાંધાઓ વધે તેવી શકયતાઓ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતોની કરાયેલી આકારણી અંગે ૧૭૦૦થી પણ વધુ વાંધા અરજીઓ તંત્રને મળી છે અને હવે ૧૦મી જુન પછી આ અંગેની સુનાવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આકારણી રજીસ્ટરોની કરાયેલ પ્રસિધ્ધિ પછી વાંધાઓ રજુ કરવા માટે હજુ બે દિવસનો સમય બાકી છે. ૬ જૂન સુધી આ વાંધાઓ સ્વીકારવામાં આવશે. રોજના ૪૦૦થી પણ વધુ લોકો દ્વારા આ રજીસ્ટરો જોઈ અને તે અંગેના વાંધાઓ રજુ કરવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે રજુ થયેલા વાંધાઓમાં ખાસ કરીને નામ અને અન્ય પ્રિન્ટીંગની ભૂલોને લગતા વાંધા વધુ મળ્યા છે. જો કે ખાસ મોટા વાંધાઓ અથવા તો કાનૂની પ્રકારના વાંધાઓની સંખ્યા ઘણી ઓછી હોવાનું જાણવા મળેલ છે.

દરમિયાન મળતી વિગતો મુજબ આકારણી અંગે સ્ટેન્ડીંગ કમિટીની તાજેતરમાં મળેલ બેઠકમાં પણ ચર્ચાઓ થઈ હતી. ગ્રામ્ય વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ ગ્રામ્ય વિસ્તારની આકારણી માટે રિસર્વે કરાવવાની માંગ કરતા જણાવ્યું હતું કે જે આકારણી કરવામાં આવી છે તે માત્ર કલેક્ટર કચેરીના રેકર્ડને આધારે જ કરવામાં આવી છે જે યોગ્ય નથી.

આકારણીની કામગીરી પૂર્ણ થયા બાદ તંત્ર દ્વારા મિલ્કત વેરાની વસુલી માટે બિલો મોકલી આપવામાં આવશે. બે વર્ષનો મિલ્કત વેરો એક સાથે વસુલ કરવામાં આવશે. રાજય સરકારે ૧-૪-૧૧થી મિલ્કતવેરો અમલી બને તે રીતે મંજુરી આપી છે.

શહેરની પ૦હજારથી પણ વધુ

● અનુસંધાન પાન-૭ પર

ધો-૧૧ સાયન્સમાં એડમિશન લેતાં પહેલાં ક્રિસ્ટલ સાયન્સ કે સ્કૂલ પ્રાંતિજ-મુબારકપુરની મુલાકાત અવશ્ય લો

આજુબાજુનાં દરેક ગામનાં વિદ્યાર્થીઓ માટે ફ્રી બસ સુવિધા

પ્રાંતિજ : હીરામોહન પીટીસી કોલેજ કેમ્પસ, કમાલપુર, ચિલોડા-હિમ્મતનગર હાઈવે, પ્રાંતિજ. 823 800 9083
મુબારકપુર : જ્યોતનાગેન પીટીસી કોલેજ કેમ્પસ, ગાંધીનગર મહુડી હાઈવે, મુબારકપુર-માણસા. 972 777 6547